# ઇન્વોઇસમાર્ટ ₹11,000 કરોડનું કામકાજ કરશે

અમદાવાદઃ એક્સિસ બેન્ક અને એમ જંકશન દ્વારા સંયુક્ત પણે પ્રમોટ કરવામાં આવેલી એમએસએમઈ સેક્ટરને લોન આપતું પ્લેટફોર્મ સુવિધા પૂરી પાડતી ઇન્વોસમાર્ટ આગામી બે વર્ષમાં ₹11,000 કરોડનું કામકાજ કરશે. કંપનીએ પ્રથમ વર્ષની કામગીરી દરમિયાન ₹750 કરોડનું કામકાજ કર્યું છે. હાલ કંપનીના પ્લેટફોર્મ પર 47 મોટી કંપનીઓ સંકળાયેલી છે અને તેની સાથે જોડાયેલી અનેક એસએમઈ કંપનીઓએ આ પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો છે એમ જણાવીને કંપનીના એમડી અને સીઇઓ કલ્યાણ બાસુનું કહેવું હતું કે, હાલ 550 નાની અને મધ્યમ કંપનીઓ રજીસ્ટર્ડ થયેલી છે.